પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૩૨ | ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૧, શનિવાર; મહા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# તામિલનાડુમાં ફટાકડાની ફેક્ટરીમાં આગ

## ૧૧નાં મોત, ૨૪ ઘાયલ : ફટાકડા માટે કેમિકલને મિક્સ કરવામાં આવતું હતું ત્યારની ઘટના



ચેન્નઈ, તા. ૧૨

તમિળનાડુના વિરુધુનગરમાં એક ફટાકડા ફેકટરીમાં આગ લાગતા ૧૧ લોકોના મોત થઈ ગયા છે. આગ લાગવાનું કારણ હજુ જાણી શકાયું નથી. પોલીસના જણાવ્યા મુજબ, આગ એ સમયે લાગી જયારે ફટાકડા બનાવવા માટે કેમિકલને મિક્સ કરવામાં આવી રહ્યું હતું. વડાપ્રધાન કાર્યાલયના જણાવ્યા મુજબ, મૃતકના પરિવારના સભ્યોને નેશનલ રિલીફ ફન્ડમાંથી ૨ લાખ અને ગંભીર રીતે ઘાયલ થયેલાઓને ૫૦ હજાર રૂપિયાની આર્થિક મદદ કરવામાં આવશે.

**વડાપ્રધાન મોદી અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું : મૃતકોના પરિવારજનોને વડાપ્રધાન દ્વારા બે-બે લાખની સહાયની જાહેરાત**

આગને કાબુમાં લેવા ફાયર બ્રિગેડની છથી વધુ ગાડીઓ પહોંચી ગઈ છે અને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ આગમાં ૨૪ લોકો ઘાયલ થયા છે.


● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યસભામાં ટીએમસીના સાંસદ દિનેશ ત્રિવેદીનું રાજીનામું

નવી દિલ્હી, તા. ૧૨

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલા તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. તૃણમૂલ કોંગ્રેસમાંથી સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો.. દિનેશ ત્રિવેદીએ આજે રાજ્યસભામાં બજેટ પર ચર્ચા દરમિયાન પોતાના રાજીનામાની જાહેરાત કરી દીધી. દિનેશ ત્રિવેદી ટૂંક સમયમાં જ ભાજપમાં જોડાઈ શકે છે.

**તૃણમુલ કોંગ્રેસને વધુ એક મોટો ફટકો : ભાજપ સાથે જોડાય તેવી પણ સંભાવના : મને ગૂંગળામણ થતી હતી, આજે મારી આત્મા કઈ રહી છે કે, રાજીનામું આપી દો અને બંગાળની જનતા વચ્ચે રહો : દિનેશ ત્રિવેદી**



રાજ્યસભામાં બજેટ પર ચર્ચા દરમિયાન દિનેશ ત્રિવેદીએ કહ્યું કે, હકીકતમાં આ જન્મભૂમિ માટે જ છે અને મારાથી એ નથી જોવાઈ રહ્યું કે અમે કરીએ તો શું કરીએ, એક પાર્ટીમાં છીએ તો મર્યાદિત છીએ, પરંતુ હવે ગૂંગળામણ થઈ રહી છે, અમે કંઈ નથી શકતા, એ તરફ અત્યાચાર છે, આજે મારી આત્મા કહી રહી છે કે, રાજીનામું આપી દો અને બંગાળની જનતા વચ્ચે જઈને રહો.

તેમણે કહ્યું કે, હું આજે (રાજ્યસભા)માંથી રાજીનામું આપી રહ્યો છું અને દેશ માટે, બંગાળ માટે હંમેશા કામ કરતો રહ્યો છું અને કામ કરતો રહીશ. જણાવાઈ રહ્યું છે કે, દિનેશ ત્રિવેદી હવે તૃણમૂલ કોંગ્રેસમાંથી પણ રાજીનામું આપી શકે છે. ચર્ચા તો એવી પણ છે કે તેમની ભાજપ સાથે વાતચીત ચાલી રહી છે.

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપે દિનેશ ત્રિવેદીને પોતાના પક્ષમાં કરીને ટીએમસી અધ્યક્ષ અને મુખ્યમંત્રી મમતા બેનર્જીને મોટો ઝટકો આપ્યો છે. આ પહેલા ટીએમસીના મોટા નેતા અને મમતાના ઘણા નજીક કહેવાતા શુભેન્દુ અધિકારી પણ ભાજપમાં સામેલ થઈ ચૂક્યા છે.

# નવા ખતરાને લઈને ભારતે સજ્જ રહેવું પડશે : નરવણે

## ઉત્તરી સરહદો પર ઊભી થયેલી વિષમ સ્થિતિએ આપણને ગંભીર રીતે વિચારવા માટે મજબૂર કર્યા હોવાના દાવો

નવી દિલ્હી,તા.૧૨

ભારતની સરહદોની સ્થિતિને ધ્યાને લઈ આર્મી ચીફ મનોજ મુકુંદ નરવણેએ નવા ખતરાઓને લઈ તૈયાર રહેવા માટે કહ્યું છે. સાથોસાથ તેઓએ કહ્યું છે કે આ ખતરાઓનો સામનો કરવા માટે ભારતનું આક્રમણ વલણ વધુ મજબૂત કરવાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે આર્મી ચીફની આ ટિપ્પણી રક્ષા મંત્રી રાજનાથ સિંહ દ્વારા સંસદમાં એ જણાવ્યા બાદ આવી છે કે લદાખમાં ભારત-ચીનની વચ્ચે સેનાઓ હટાવવા અંગે સહમતિ સધાઈ ગઈ છે.સેન્ટર ફોર લેન્ડ વોરફેર દ્વારા આયોજિત એક સેમીનારમાં જનરલ નરવણેએ કહ્યું કે, આપણા દેશની ઉત્તરી સરહદો પર ઊભી થયેલી સ્થિતિએ આપણને ગંભીર રીતે વિચારવા માટે મજબૂર કર્યા છે. આપણી સરહદોનું યોગ્ય રીતે નિર્ધારણ ન થયું હોવાના કારણે આપણી અખંડતા અને સંપ્રભુતા સંરક્ષણના સંબંધમાં પડકારો છે. જનરલ નરવણેએ ૨૧મી સદીમાં પડકારોના બદલાતા પેટર્ન ઉપર પણ ચર્ચા કરી છે. તેઓએ જણાવ્યું કે ટેક્ર અને ફાઈટર જેટ જેવા યુદ્ધક પ્લેટફોર્મ એક સમયે ૨૦મી સદીમાં યુદ્ધના મુખ્ય આધાર હતા પરંતુ હવે નવા પ્રકારના પડકારો ઉભરી રહ્યા છે. તેના માટે તેઓએ આર્મેનિયા-અઝરબૈજાનની વચ્ચે થયેલા યુદ્ધનો ઉલ્લેખ કર્યો. નોંધનીય છે કે, ગુરુવારે રક્ષા મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે વિવાદના લગભગ ૧૦ મહિના બાદ પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાથી સૈનિકોને પરત લેવા માટે ચીન સાથે સમજૂતી થઈ ગઈ છે. રાજનાથ સિંહે એલાન કર્યું કે ભારત-ચીનની વચ્ચે પેન્ગોગ લેકની પાસે વિવાદ પર સમજૂતી થઈ ગઈ છે અને બંને દેશની સેનાઓ પોતાના સૈનિકોને પાછળ હટાવશે. રક્ષા મંત્રીએ એલાન કર્યું કે ભારત અને ચીન બંનેએ નક્કી કર્યું છે કે એપ્રિલ ૨૦૨૦ પહેલાની સ્થિતિને લાગુ કરવામાં આવશે.

# હું બંગાળથી મમતા સરકારને ઉખાડવા માટે આવ્યો છું : શાહ

## બંગાળમાં બીજેપી ત્યારે આવી શકે છે જ્યારે ટીએમસીની સરકારને રાજ્યથી ઉખાડી ફેંકવામાં આવે : અમિત શાહ

નવી દિલ્હી,તા.૧૨

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની તડામાર તૈયારીઓ



ચાલી રહી છે, આ દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ રાજ્યમાં પોતાની પૂરી તાકાત બંગાળમાં લગાવી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે જ બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને ગૃહ મંત્રી અમિત શાહ સતત બંગાળના પ્રવાસ કરી બીજેપીને મજબૂત કરવામાં લાગી ગયા છે. ગૃહ મંત્રી અમિત શાહે ફરી એક વાર મુખ્યમંત્રી મમતા બેનર્જી પર નિશાન સાધતા કહ્યું કે, હું બંગાળમાં મમતા સરકારને ઉખાડવા જ આવ્યો છું. સંભાળવા માટે નથી આવ્યો. અમિત શાહે કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં બીજેપીની સરકાર ત્યારે આવી શકે છે જ્યારે ટીએમસીની સરકારને રાજ્યથી ઉખાડી ફેંકવામાં આવે. તેઓએ મમતા સરકાર પર નિશાન સાધતા કહ્યું કે રાજ્યની સરકાર અસ્થિર થઈ ગઈ છે. જનતા આ સરકારને વહેલી તકે ઉખાડી ફેંકવા માંગે છે. તેઓએ કહ્યું કે અમારે દીદી સામે કોઈ પણ પ્રકારનો કડવાશભર્યો સંબંધ નથી પરંતુ તેમના રાજ્યમાં

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં કાળો બરફ પડશે ત્યારે ભાજપમાં જોડાઈશ : ગુલામ નબી

નવી દિલ્હી, તા. ૧૨

કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદ પાછલા દિવસોમાં રાજ્યસભાથી નિવૃત્ત થઈ ગયા. તેમને વિદાય લેતા જોઈને વડાપ્રધાન મોદીની આંખો ભરાઈ આવી હતી. મોદીએ કહ્યું હતું ગુલામ નબી આઝાદ જેવા બીજા નેતા કોંગ્રેસને નહીં મળે. આઝાદ



સાથે વિતાવેલા સમયને યાદ કરીને વડાપ્રધાન મોદી ઘણી વખત ભાવુક થયા. પછી ગુલામ નબીએ પોતાની વાત રજૂ કરી ત્યારે તેમની પણ આંખો ભરાઈ આવી હતી. પછી અટકળો શરુ થઈ કે ક્યાંક આઝાદ કોંગ્રેસ છોડીને ભાજપમાં તો નથી જવાનાને. આ અટકળોનો જવાબ ખુદ ગુલામ નબી આઝાદે આપ્યો છે. તેમણે એક અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે, એ સમયે ભાજપમાં જોડાઈ જશે જ્યારે કાશ્મીરમાં કાળો બરફ પડશે.

આઝાદે કહ્યું, ભાજપ જ કેમ.. કાશ્મીરમાં જ્યારે કાળો બરફ પડશે ત્યારે કોઈ પણ પાર્ટીમાં જોડાઈશ. જે લોકો આવું કહે છે કે આવી અફવા ફેલાવે છે તેઓ મને ઓળખતા નથી. જ્યારે રાજમાતા સિંધિયા (વિજયા રાજે સિંધિયા) વિરોધ પક્ષના નેતા હતા, ત્યારે તેમણે ઉભા થઈને મારા પર કેટલાક આરોપ લગાવ્યા હતા.

# કૃષિ કાયદા પાછા ન ખેંચાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે : ટિકૈત

## ખેડૂતો પર લાઠીચાર્જ કરાયો તે બીજી ઓક્ટોબરને દર વર્ષે ખેડૂતો દ્વારા કાર્યક્રમ યોજવાની રાકેશ ટિકૈતની જાહેરાત

નવી દિલ્હી, તા. ૧૨

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદા સામે દિલ્હી બોર્ડર પર ખેડૂતોનુ આંદોલન હજી ચાલુ જ છે ત્યારે આંદોલનની આગેવાની કરી રહેલા ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે ચેતવણી આપી છે કે, ખેડૂતોનુ આંદોલન અનિશ્ચિતકાળ સુધી ચાલુ રહી શકે છે.

ટિકૈતે કહ્યુ હતુ કે, આવુ એટલા માટે કહેવુ પડી રહ્યુ છે કારણ કે આંદોલનની કોઈ સમયસીમા નક્કી કરવામાં આવી નથી. કદાચ ઓક્ટોબર સુધી પણ આંદોલન ચાલી શકે છે. જોકે અન્ય એક ખેડૂત નેતા ગુરનામસિંહે કહ્યુ હતુ કે, ઓક્ટોબર મહિના સુધી આંદોલન ચાલુ રાખવાની ખેડૂતોની યોજના છે. ટિકૈતે આ પહેલા પણ ચેતવણી આપી હતી કે, ખેડૂત આંદોલન ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી સરકાર ત્રણ કાયદા પાછા ખેંચતી નથી અને ઓકટોબર સુધી આંદોલન ચાલુ રહે તો નવાઈ નહી હોય.

તેમણે એમ પણ કહ્યુ છે કે, દર વર્ષે ૨ ઓકટોબરે ખેડૂતો દિલ્હીની ગાઝીપુર બોર્ડર પર પ્રદર્શન કરશે. આ દિવસે ખેડૂતો પર લાઠીચાર્જ કરાયો હતો અને હવે દર વર્ષે ઘટનાને યાદ કરવા માટે અહીંયા કાર્યક્રમ યોજવામાં આવશે.

જાણવા મળતી વિગતો પ્રમાણે રાકેશ ટિકૈત મહારાષ્ટ્રના




યવતમાલમાં પણ ૨૦ ફેબ્રુઆરીએ ખેડૂતોની એક સભાને સંબોધિત કરવાના છે. આ સંજોગોમાં દિલ્હીમાં ચાલી રહેલુ આંદોલન મહારાષ્ટ્રમાં પણ વેગ પકડે તેવી અટકળો થઈ રહી છે.

# કાશ્મીર મામલે યુએસની નીતિ યથાવત : બાઈડેન

વોશિંગ્ટન,તા.૧૨

દાદાગીરી કરતા ચીનને જોરદાર ફટકાબાજી કર્યા બાદ હવે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને પાકિસ્તાનને બરાબરનો આંચકો આપ્યો છે. બાઈડેને સ્પષ્ટ કર્યું છે કે કાશ્મીર અંગે તેમની નીતિમાં કોઈ ફેરફાર નહીં આવે. પાકિસ્તાન એવી આશા રાખીને બેઠું હતું કે અમેરિકામાં સત્તા પરિવર્તન આવ્યા બાદ જમ્મુ અને કાશ્મીર અંગે અમેરિકાની નીતિમાં તેમના મુજબ ફેરફાર આવશે કારણ કે બાઈડેનના પાકિસ્તાન સાથે સારા સંબંધ રહ્યા છે. પરંતુ અમેરિકી રાષ્ટ્રપતિએ એક જ ઝટકે પાકિસ્તાનની આશાઓ વેરવિખેર કરી નાખી છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન પ્રશાસન તરફથી કહેવામાં આવ્યું કે તેમની જમ્મુ અને કાશ્મીર અંગેની નીતિમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ સાથે જ અમેરિકાએ કાશ્મીર ખીણમાં ૪જી મોબાઈલ ઈન્ટરનેટ સેવા બહાલ કરવાનું સ્વાગત કર્યું છે. અમેરિકી વિદેશ મંત્રાલયના પ્રવક્તા નેડ પ્રાઈસએ પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું કે હું સ્પષ્ટ કરવા માંગુ છું કે જમ્મુ કાશ્મીરને લઈને અમેરિકાની નીતિમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ અગાઉ અમેરિકી વિદેશ મંત્રાલયના દક્ષિણ અને મધ્ય એશિયા બ્યૂરોએ ટ્વીટ કરીને જમ્મુ કાશ્મીરમાં ૪જી ઈન્ટરનેટ સુવિધા બહાલ કરવાનું સ્વાગત કર્યું છે. ટ્વીટમાં કહેવાયું છે કે

**અમેરિકાએ પાકિસ્તાનને જબરદસ્ત મોટો આંચકો આપ્યો : બાઈડેન સાથેના સારા સબંધોને લીધે પાકિસ્તાન આશા રાખીને બેઠું હતું કે સત્તા પરિવર્તનથી જમ્મુ-કાશ્મીર અંગે યુએસના વલણમાં ફેરફાર આવશે**

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

પ્રખ્યાત માયાવી અઘોરી બાપુ
સ્મશાનિક, તાંત્રિક, અઘોરી, બંગાળી, સીપલી, ઈલ્મ, તાંડવ ક્રિયાના મહાન જાણકાર
સ્પે.ગુપ્તધનનાં ખાસ જાણકાર
૧૮૪ ક્રિયાના જાણકાર
માટી લઈને રૂબરૂ મળો
સપનામાં આવે છે તો પણ કેમ નથી મળતું?
ઘરે બેઠા સમાધાન - 24x7 Free Advice
મહામોહીની વશીકરણ | પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો
સેક્ટર-૨૨, ગાંધીનગર 9099794928

વાછાણી હોસ્પિટલ
NABH Certified
'૦'-'૦' એરર ટેક્નોલોજી
ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યા ઢીંચણનો સાંધો કોમ્પ્યુટરની મદદથી અલાઇન કરવામાં આવે છે.
સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટરાઈઝડ પદ્ધતિ દ્વારા સાંધાની રિપ્લેસમેન્ટ સર્જરી
૨૪ કલાક તાત્કાલિક સારવાર
કેશલેસ સુવિધા ઉપલબ્ધ
● વધુ માહિતી માટે સપર્ક કરો ●
મો. ૯૫૧૨૩૫૫૫૬૩
૭૬૨૧૦૧૨૭૮૫
૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

સૌથી મલાઈદાર.
સૌથી દમદાર.
Amul BUFFALO MILK A2 MILK
500mL:₹29*
Amul The Taste of India
અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા | અમૂલ દૂધ
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ.
પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરો: અમદાવાદ અને સૌરાષ્ટ્ર: 079 - 23969055 / 56 / 57